મહાનગરપાલિકાઓના વિસ્તારમાં સર્વ શિક્ષા અભિયાન હેઠળની કામગીરીના અમલીકરણ માટે મહાનગરપાલિકા કક્ષાએ કારોબારી સમિતિની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ-પીઆરઇ-૧૨૨૦૧૩-૩૦૩૬૯૪-ક.
સચિવાલય, ગાંધીનગર.
તા.૩૧/૦૮/૨૦૧૩.

સંદર્ભઃ-

(૧) શિક્ષણ વિભાગનો તા.૧૧-૧-૯૬ નો ઠરાવ ક્રમાંકઃ-પીઆરઇ-૧૨૭૫-૨૦૬૫-ક.
(૨) શિક્ષણ વિભાગનો તા.૧૪-૭-૯૬ નો ઠરાવ ક્રમાંકઃ-પીઆરઇ-૧૨૭૫-૨૦૬૫-ક.
(૩) સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, એસએસએ, ગાંધીનગરનો તા.૪-૫-૨૦૦૨ નો પત્ર ક્રમાંકઃ- ડીપીઇપી-જીલ્લા સમિતિઓ-૨૦૦૨.
(૪) સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, એસએસએ, ગાંધીનગરનો તા.૧૯-૬-૨૦૧૩ નો પત્ર ક્રમાંકઃ- એસએસએ-મહાનગરપાલિકા (પીસી)/૧૩-૨૭૫૪૪

<u>આમુખઃ-</u>

રાજયમાં પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણના ધ્યેયને હાંસલ કરવા માટેના રાષ્ટ્રીય કાર્યક્રમ અંતર્ગત જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ (ડીપીઇપી)માં પ્રથમ તબકકામાં બનાસકાંઠા, પંચમહાલ (દાહોદ સહિત) અને ડાગ જિલ્લાઓને આવરી લેવામાં આવ્યાં હતા. ત્યાર બાદ આ કાર્યક્રમના વિસ્તરણમાં વધારાના છ જિલ્લાઓ સુરેન્દ્રનગર, કચ્છ, સાબરકાંઠા, ભાવનગર, જામનગર અને જૂનાગઢ (પોરબંદર સહિત) ને આવરી લેવામાં આવ્યાં હતા. જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ નીચે સમાવેશ નહિ થયેલા બાકીના ૧૪ જિલ્લાઓને **"સર્વ શિક્ષા અભિયાન"**નું આવરણ પણ પૂરું પાડવામાં આવ્યું છે. "સર્વ શિક્ષા અભિયાન" ના અમલીકરણની સઘળી જવાબદારી "જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ" ના અમલીકરણ માટે સ્થાપવામાં આવેલ "ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ" ને સોંપવામાં આવેલ છે.

અગાઉ બનાસકાંઠા, પંચમહાલ અને ડાંગ જિલ્લાઓ માટે જીલ્લા કારોબારી સમિતિઓની રચના શિક્ષણ વિભાગના તા.૧૧-૧-૯૬ ના ઠરાવ ક્રમાંકઃ-પીઆરઇ-૧૨૯૫-૨૦૯૫-ક અને તા.૧૪-૭-૯૬ના ઠરાવ ક્રમાંકઃ- પીઆરઇ-૧૨૯૫-૨૦૬૩-ક અન્વયે કરવામાં આવેલી છે.

સંદર્ભ-(૩) માં દર્શાવેલ એસ.એસ.એ. કચેરીના તા.૪-૫-૨૦૦૨ ના પત્રથી અપાયેલ સૂચનાઓ મુજબ રાજયના બધા જિલ્લાઓમાં જિલ્લા કારોબારી સમિતિની રચનાઓ ઉપરોકત ઠરાવ મુજબ કરવામાં આવેલ છે. સંદર્ભ-(૪) માં દર્શાવેલા

એસ.એસ.એ. કચેરીના તા.૧૯-૬-૨૦૧૩ ના પત્રથી જણાવવામાં આવ્યું છે કે રાજયમાં મહાનગરપાલિકા વિસ્તારમાં સર્વ શિક્ષા અભિયાનની અમલવારી અને નિયંત્રણ માટે જિલ્લા કક્ષાની જેમ મહાનગરપાલિકા કક્ષાએ પણ કારોબારી સમિતિની રચના કરવી અત્યંત જરૂરી છે તે ધ્યાને રાખી તે કચેરી દ્વારા અમદવાદ, વડોદરા, સુરત, રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારની એસ.એસ.એ. હેઠળની કામગીરી/યોજનાઓના અમલીકરણ માટે કારોબારી સમિતિની રચના કરવાની દરખાસ્ત કરવામાં આવી છે. આ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. જે અંગે કાળજીપૂર્વકની વિચારણા બાદ નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

<u>ઠ રા વઃ-</u>

૨. આમુખમાં દર્શાવેલ સર્વ શિક્ષા અભિયાનની કચેરીની તા.૧૯-૬-૨૦૧૩ ની દરખાસ્ત પરત્વે કાળજીપૂર્વકની વિચારણાના અંતે સરકાર સર્વ શિક્ષા અભિયાન હેઠળના કામો માટે અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ મહાનગરપાલિકા માટે નીચે મુજબની કારોબારી સમિતિની રચના દરેક કોર્પોરેશન માટે કરવાનું આથી ઠરાવે છે.

| | | |
|---|---|---|
| ૧. | કમિશનરશ્રી | અધ્યક્ષ |
| ૨. | અધ્યક્ષશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ | સભ્ય |
| ૩. | પ્રિન્સીપાલશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન | સભ્ય |
| ૪. | જિલ્લા પ્રૌઢ શિક્ષણાધિકારીશ્રી | સભ્ય |
| ૫. | જિલ્લા આરોગ્ય અધિકારી | સભ્ય |
| ૬. | એક પારિતોષિક વિજેતા શિક્ષક (સમિતિ નકકી કરે તે) | સભ્ય |
| ૭. | કોર્પોરેશનના આંકડાકીય અધિકારીશ્રી | સભ્ય |
| ૮. | મહાનગરપાલિકા વિસ્તારમાંથી એક મહિલા પ્રતિનિધિ | સભ્ય |
| ૯. | બી.એડ/પી.ટી.સી કોલેજના પ્રિન્સીપાલ | સભ્ય |
| ૧૦. | મહાનગરપાલિકા વિસ્તારના જાણીતા એક શિક્ષણશાસ્ત્રીશ્રી | સભ્ય |
| ૧૧. | મહાનગરપાલિકાના ઇજનેરશ્રી | સભ્ય |
| ૧૨. | પ્રારંભિક શિક્ષણ અને સામાજીક ક્ષેત્રમાં કામ કરતાં મહાનગરપાલિકા વિસ્તારની સ્વૈચ્છિ સંસ્થાઓના બે પ્રતિનિધિઓ | સભ્ય |
| ૧૩. | શાસનાધિકારીશ્રી | સભ્ય સચિવ |

૩. ઉપર ક્રમાંકઃ- ૫, ૮, ૯, ૧૦ અને ૧૨ માં દર્શાવેલ સભ્યો જે તે વર્ષ માટે સંબંધિત કમિશનરશ્રીએ જે તે ક્ષેત્રના નિષ્ણાંત અને અનુભવી વ્યકિતઓ પૈકી નિમવાના રહેશે.

૪. મહાનગરપાલિકાની ઉપર મુજબની કારોબારી સમિતિના હેતુઓની વિગતો પરિશિષ્ટ-(૧) અને આ સમિતિની કામગીરી સામેલ પરિશિષ્ટ-(૨) મુજબ રહેશે.

૫. બેઠકમાં હાજર રહેનાર સરકારી/બિન સરકારી સભ્યોને ટી.એ./ડી.એ.નો ખર્ચ એસએસએ હેઠળ મંજૂર કરેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે. સમિતિના બીન સરકારી

સભ્યોને નાણા વિભાગે વખતો વખત સુધારેલ નિયમો પ્રમાણે ટી.એ./ડી.એ. મળવાપાત્ર રહેશે.

૬. આ હૂકમો આ વિભાગના સરખા ક્રમાંકની ફાઇલ પરની સરકારશ્રીની તા.૨૩-૮-૨૦૧૩ નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અનંત પટેલ)
નાયબ સચિવ(પ્રાથમિક શિક્ષણ),
શિક્ષણ વિભાગ.

બિડાણઃ- પરિશિષ્ટ-૧ અને ૨

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (શિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી (શિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી (પ્રા.શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી શહેરી વિકાસ અને શહેરી ગ્રામ ગૃહ નિર્માણ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.,
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, સર્વ શિક્ષા અભિયાન, સેકટર-૧૭, ગાંધીનગર.
- મ્યુનિસિપલ કમિશનરશ્રી અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત.
- જિલ્લા વિકાસ અધિકારી અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત.
- શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત.
- નગરપાલિકા અને નગર પંચાયત અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત.
- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઇલ/-

શિક્ષણ વિભાગના તા.૩૧-૮-૨૦૧૩ ના ઠરાવ ક્રમાંક:-પીઆરઇ-૧૨૨૦૧૩-૩૦૩૬૯૪-ક નું બિડાણઃ-

## <u>પરિશિષ્ટ–૧</u>

**મહાનગરપાલિકા કારોબારી સમિતિના હેતુઓઃ-**

૧. મહાનગરપાલિકા વિસ્તારમાં સર્વ શિક્ષા અભિયાન (એસએસએ)–આરટીઈ અને તેના સહયોગી કાર્યક્રમોના અમલીકરણ અંગેની કામગીરી કરવાની રહેશે. રાજય સરકાર પ્રાથમિક શિક્ષણ અંગે વખતો વખત પુનઃ વિચારણા કરી અનુષાંગિક ફેરફાર થશે.

૨. સમિતિનું કાર્યક્ષેત્ર મહાનગરપાલિકાના વિસ્તાર પૂરતું મર્યાદિત રહેશે.

૩. સમિતિ સામાજીક મિશનની કામગીરી બજાવશે. જેનો હેતુ સમાજીક, સાંસ્કૃતિક પ્રવૃતિઓ ધ્વારા પ્રાથમિક શિક્ષણની પધ્ધતિ માં મુળભુત ફેરફારનો છે.

**ગુજરાત પ્રાથમિક શિક્ષણમાં નીચે મુજબના ખાસ હેતુઓ પાર પાડવાના છેઃ-**

(૧) પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રિકરણ

(૨) ૧૪ વર્ષ સુધીના બાળકોમાં "સહુને માટે શિક્ષણ"

(૩) સાર્વત્રિક શિક્ષણના ભાગરૂપે પ્રાથમિક શિક્ષણ વૈધિક શિક્ષણ ધ્વારા પુરુ કરવું. સાર્વત્રિકરણના લક્ષ્યાંક લઘુતમ સિધ્ધિ ગુણકક્ષાને ધ્યાનમાં રાખીને હોવું જોઈએ.

(૪) શિક્ષણ પધ્ધતિમાં ફેરફાર–સ્ત્રી સમાનતા.

(૫) મહાનગરપાલિકાના અનુસૂચિંત જાતિ, અનુસૂચિત જનજાતિ અને વંચિત સમાજના બાળકોને શિક્ષણની પૂરતી તક આપવી.

(૬) ઉપર જણાવેલ જાતિઓના જીવનમાં પરિવર્તન લાવવાના હેતુ.

(૭) દરેક શૈક્ષણિક પ્રવૃતિના જેમ કે, સાંસ્કૃતિક, વૈજ્ઞાનિક, પર્યાવરણ અને સામાજીક ન્યાય માટેની સમજ કેળવવી.

(૮) મહાનગરપાલિકાની પ્રાથમિક શાળાઓમાં વધારેમાં વધારે બાળકોની નોંધણી થાય, તમામ બાળકો ધોરણ–૮ પુરુ કરે ત્યાં સુધી શિક્ષણ ચાલુ રાખે અને અધવચ્ચેથી શાળા છોડી જાય નહિ તે માટે જરૂરી પગલા લેવાના રહેશે.

શિક્ષણ વિભાગના તા.૩૧-૮-૨૦૧૩ ના ઠરાવ ક્રમાંકઃ-પીઆરઇ-૧૨૨૦૧૩-૩૦૩૬૯૪-ક નું બિડાણઃ-

## પરિશિષ્ટ–૨

### મહાનગરપાલિકા કારોબારી સમિતિની કામગીરી

૧. મહાનગરપાલિકા કારોબારી સમિતિની કામગીરી મુખ્યત્વે જુદી–જુદી શૈક્ષણિક સંસ્થાઓ અને એજન્સીઓ ધ્વારા અથવા વ્યકિતગત રીતે યોજના અંગેની સમજણ આપવી.

૨. આ યોજનાના ભાગરૂપે શૈક્ષણિક સુધારણા માટે શૈક્ષણિક સંસ્થાઓ, સ્વૈચ્છિ સંસ્થાઓ, શિક્ષકોની સંસ્થાઓ અને વ્યકિતગત ધ્વારા સક્રિય ભાગ લેવા/પ્રોત્સાહિત કરવાના રહેશે.

૩. મહાનગરપાલિકાના પ્રાથમિક શિક્ષણને અસરકારક બનાવવા માટે લોકોને તાલીમ ધ્વારા સહભાગી બનાવવા તથા શિક્ષકોને આ કાર્યમાં રચનાત્મક રીતે સહભાગી બનાવવા એ સમિતિની રચનાના હેતુ છે.

૪. પ્રાથમિક શિક્ષણમાં અભ્યાસ સબંધી સંશોધન, નવા ફેરફાર વગેરે કામગીરી રાજય કારોબારી સમિતિના પરામર્શમાં હાથ ધરવી.

૫. ચાલુ સંસ્થાઓ તથા નવી સંસ્થાઓને સાથે જોડી ટેકનીકલ યુકિતમાં મદદ કરવી.

૬. યોજના/કાર્યક્રમ સબંધી વર્કશોપ, કોન્ફરન્સ યોજવા.

૭. યોજના સબંધી શૈક્ષણિક સાધનો તૈયાર કરવા.

૮. સમિતિની કામગીરી માટે નિયમો તૈયાર કરવા, જરૂર જણાય તો તેમાં વખતો–વખત ફેરફાર કરવા અથવા ફરી નિયમો તૈયાર કરવા.

૯. સમિતિનો વાર્ષિક વહીવટી અહેવાલ તૈયાર કરવો.

૧૦. સમિતિઓના હેતુઓને સિધ્ધ કરવા માટે જણાવ્યા પ્રમાણે બધીજ જરૂરી કાર્યવાહી હાથ ધરવી.

૧૧. ટુંકમાં આ યોજનાની અમલીકરણ અંગે વહીવટી, નાણાંકીય અને શૈક્ષણિક સુધારણા માટેની તમામ કામગીરી રાજય કારોબારી સમિતિના પરામર્શમાં "ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ" ના નિયમોને આધીન કરવાનો રહેશે.

૧૨. સમિતિની કામગીરી મહાનગરપાલિકાની કારોબારી સમિતિના કાર્યો અને ફરજોને સુસંગત હોવી જોઈએ.

૧૩. સમિતિએ વર્ષમાં ચાર વાર બેઠક યોજવાની રહેશે અને તમામ સભ્યોને તેની જાણ વહેલી તકે કરવાની રહેશે.